**કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં ફાયર એન.ઓ.સી. મેળવવા બાબત**

સત્યમેવ જયતે

**ગુજરાત સરકાર**
**શ્રમ અને રોજગાર વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ એફએસી/૧૪૨૦૨૦/૪૫૬૮૯૪/મ૩**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૨૨/૧૨/૨૦૨૦**

**વંચાણે લીધાઃ** (૧) અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩
(૨) તા.૨૬/૧૧/૨૦૨૦ નો આ વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યનો તા. ૧૫/૧૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: ડીઆઈએસએચ/એ-કાયદા/૨૦૨૦/૧૨૮૩

**આમુખ:-**

અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ અને તે અન્વયે ઘડાયેલ ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ અને ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક વિનિયમો, ૨૦૧૬ અન્વયે કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં ફાયર એન.ઓ.સી. ( ના વાંધા પ્રમાણપત્ર) મેળવવાની જોગવાઇ થયેલ છે. જે અન્વયે દરેક કારખાનેદારે ફાયર એન.ઓ.સી. મેળવવું જરૂરી છે. હાલમાં ફાયર એન.ઓ.સી. મેળવવા માટેની પદ્ધતિ/ માળખું અને પોર્ટલ , શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ છે.

અત્રેના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના ઠરાવથી કારખાનેદારોને ફાયર એન.ઓ.સી. મેળવવા માટે જરૂરી સૂચનાઓ ઠરાવવામાં આવેલ હતી. પરંતુ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તારીખ ૦૫/૧૨/૨૦૨૦ની નોંધથી વંચાણે લીધેલ ક્રમ -(૨) ના ઠરાવની શરત નં ૪ માં સુધારો/સ્પષ્ટતા કરવા વિનંતી કરવામાં આવેલ તેમજ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ થાય તથા રોજગારીની તકો વધે તે અર્થે કારખાનેદારોને નવા લાયસન્સ ઇસ્યુ કે રીન્યુ કરવાની કામગીરી પર વિપરીત અસર ન પડે તે પણ જરૂરી છે. આ ઉપરાંત, વિવિધ ઔદ્યોગિક મંડળોની લેખિત તથા

મૌખિક રજુઆતોને ધ્યાને લઇ વંચાણે લીધેલ-(૩)ના પત્રથી નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્બારા, નવા લાયસન્સ ઇસ્યુ કે જુના લાયસન્સ રીન્યુ કરવામાં આવે ત્યારે કારખાનેદારો દ્બારા ફાયર એન.ઓ.સી. રજુ કરવાની બાંહેધરી પત્ર રજુ કર્યેથી લાયસન્સ ઇસ્યુ કે રીન્યુ કરવા/સમય આપવા/યોગ્ય છૂટછાટ આપવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આથી, પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક-(૨) સામેના ઠરાવમાં આંશિક સુધારો કરવામાં આવે છે. જેમાં ક્રમાંક -(૨) સામે વંચાણે લીધેલ ઠરાવની શરત -નં ૪ રદ કરવામાં આવે છે તથા શરત નં ૧ થી ૩ માં આંશિક સુધારો કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ નોંધાયેલ રાજયના કારખાનેદારોએ નવા લાયસન્સ / લાઇસન્સ તાજુ કરવા અંગેની અરજી કરે ત્યારે અરજી સાથે, અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ અને તે અન્વયે ઘડાયેલ ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ અને ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક વિનિયમો, ૨૦૧૬ મુજબનું ફાયર એન.ઓ.સી. અથવા ફાયર એન.ઓ.સી. મેળવવા માટેની અરજી કરી હોવાના પુરાવા રજુ કરવાના રહેશે. અથવા હાલમાં , શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્બારા ફાયર એન.ઓ.સી માટે ઓનલાઈન પોર્ટલની કાર્યવાહી પ્રગતિમાં હોઈ, કારખાનેદાર દ્બારા ફાયર એન.ઓ.સી. મેળવી લેવા માટેનું બાહેંધરી પત્ર રજુ કરી શકાશે. આ પ્રમાણેની અરજી થતા કારખાનાંના નવા લાયસન્સ ઇસ્યુ / રીન્યુ કરી શકાશે.

પ્રસ્તુત ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રી કક્ષાએ તા.૨૨/૧૨/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( પત્ર દ્બારા )

૨. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.

૪. માન. મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.

૫. માન. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/ માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

૬. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.

૭. અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના અંગત સચિવશ્રી , બ્લોક ૫/૬ સચિવાલય, ગાંધીનગર.

૮. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અંગત સચિવશ્રી ,બ્લોક નં. – ૧૪/૯, સચિવાલય, ગાંધીનગર.

૯. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન : અમદાવાદ /વડોદરા /સુરત /રાજકોટ /ભાવનગર /જામનગર /ગાંધીનગર /જુનાગઢ.

૧૦. કમિશ્નર મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશન, બ્લોક ૧/૪ કર્મયોગી ભવન, સેક્ટર ૧૦એ , ગાંધીનગર.

૧૧. ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, બ્લોક– ૧૧/૫ ઉધોગ ભવન, ગાંધીનગર.

૧૨. શ્રમ નિયામકશ્રી, ગુ.રા., ઉધોગ ભવન, સેક્ટર – ૧૧, ગાંધીનગર.

૧૩. નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ. ને તમામ નાયબ/મદદનીશ નિયામકશ્રી , ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યને જરૂરી સુચના આપવા સારું.

૧૪. સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ, ગુજરાત રાજ્ય.

૧૫. આઈ.ટી. સેલ , શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલયને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.

૧૬. સિલેકટ ફાઇલ – શાખા/ નાયબ સેકશન અધિકારીશ્રી, – ૨૦૨૦.